# અખબારી યાદી

## ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય અને શિક્ષકોની ભરતી અંગે સંચાલકોના અધિકારને ફગાવી દેતી નામદાર ગુજરાત હાઇકોર્ટ

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ માં સુધારો કરવામાં આવ્યો તે પહેલાં,ગ્રાન્ટેડ માધ્યમિક,ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક,બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે શાળા કક્ષાની બે પસંદગી સમિતિઓ (૧) શાળા સ્ટાફ પસંદગી સમિતિ અને (૨) ખાસ શાળા સમિતિ (પ્રારંભિક ભરતી માટે) અસ્તિત્વમાં હતી.આ સમિતિઓમાં, શાળા સંચાલકોના પ્રતિનિધિ શાળાના આચાર્ય, જે તે શાળાના શિક્ષકોના પ્રતિનિધિ અને બોર્ડના પ્રતિનિધિનો સમાવેશ થતો હતો.

ઉપર મુજબની શાળાના સ્ટાફની ભરતી અંગેની પસંદગી સમિતિમાં સંચાલક મંડળનું વર્ચસ્વ રહેવાને કારણે સંચાલક મંડળના વહીવટદારો તરફથી પોતાના સગા-સબંધીઓની ભરતી કરવી, નાણાની લેવડ-દેવડ દ્વારા ઉમેદવારોની ભરતી કરવી વગેરે પ્રકારની અનિયિમતતાઓ બાબતે સરકારને અનેક ફરિયાદો મળતી હતી.

ઉકત સંજોગોમાં ગ્રાન્ટેડ શાળામાં ઉંચા મેરીટવાળા શિક્ષકો તથા આચાર્યોની પારદર્શી રીતે ભરતી થાય તે માટે શિક્ષણના હિતમાં ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો,આચાર્યોની ભરતી માટે નીતિ નક્કી કરવાનો સરકારનો અધિકાર છે. આ માટે સરકારે માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ ની કલમ-૩૫ માં સુધારો કરીને ગ્રાન્ટેડ શાળામાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે, શાળા કક્ષાની બે પસંદગી સમિતિઓ (૧) શાળા સ્ટાફ પસંદગી સમિતિ અને (૨) ખાસ શાળા સમિતિ (પ્રારંભિક ભરતી માટે) અસ્તિત્વમાં હતી તે રદ્દ કરેલ છે અને રાજય સરકારને મળેલી સત્તાની રૂએ શિક્ષણ વિભાગના તા.૧૧-૨-૧૧ ના જાહેરનામાથી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો અને આચાર્યની જગ્યા માટે ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિ અને ભરતી માટે નવા નિયમો પ્રસિધ્ધ કર્યા છે, જેમાં કેન્દ્રીયકૃત ભરતી-TATની પરીક્ષા અને મેરીટ આધારીત પસંદગી યાદી-ની જોગવાઇ કરવામાં આવી છે.

રાજય સરકારના તા.11-2-11ના નોટીફીકેશનને શાળા સંચાલક મંડળ દ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટમાં SCA No.2877/2011 અન્વયે પડકારવામાં આવેલ જેને નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા આજ (તા.6-9-2011)ના ચુકાદાથી કાઢી નાખવામાં આવી છે અને સરકારે લીધેલ નિર્ણયને બહાલ રાખેલ છે.

નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉકત ચુકાદાને કારણે હવે ગ્રાન્ટેડ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની ભરતી માટે ઉમેદવારોની પસંદગી સરકાર દ્વારા કરવામાં આવશે.

ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો અને આચાર્યની પસંદગી અને ભરતી અંગેના નવા નિયમો અમલમાં આવતાં ભરતી પ્રક્રીયામાં નીચે મુજબ સુધારો થશે.

- નવા ભરતી નિયમો અમલમાં આવ્યા તે પહેલાં દરેક શાળાદીઠ અલગ પસંદગી સમિતિઓ અસ્તીત્વમાં હતી જેના કારણે ભરતી પ્રક્રીયામાં એકસુત્રતા જળવાતી ન હતી,ભરતીમાં અનિયમિતતા અંગે વ્યાપક ફરીયાદો થતી અને તેના કારણે ભરતી પ્રક્રીયામાં ખુબજ વિલંબ

થતો હતો અને શાળામાં શિક્ષકની નિમણુંક સમયસર ન થવાને કારણે શૈક્ષણિક કાર્યને ખુબજ માઠી અસર થતી હતી તે દુર થશે

- TATની પરીક્ષા અને મેરીટ આધારીત પસંદગી યાદી-ની જોગવાઇ ને કારણે દરેક યુનિવર્સિટીના અભ્યાસક્રમ, પરીક્ષા પધ્ધતિ મુલ્યાંકન પધ્ધતિ એક સરખી ન હોવાને કારણે માત્ર વિદ્યાર્થીઓની જે તે યુનિવર્સિટીની માર્કશીટના આધારે મુલ્યાંકન કરવાથી શિક્ષણની ઊંચી ગુણવત્તા હોવા છતાં ઘણી યુનિવર્સિટીની ઉચ્ચ પ્રકારની અને કઠિન મુલ્યાંકન પધ્ધતિને કારણે પરિણામની ટકાવારી નીચી રહેતી હોય તેવી યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતક થયેલા ઉમેદવારોને અન્યાય થતો હતો જયારે છુટથી માર્કસ અપાતા હોય તેવી યુનિવર્સિટીના ઉમેદવારોને ખોટી રીતે ફાયદો થતો હતો તેના પર અંકુશ આવશે.
- ગ્રાન્ટેડ શાળાના આચાર્ય/શિક્ષકોની ભરતીમાં પારદર્શીતા આવશે,ઉમેદવારોને એક જ અરજીથી રાજયની તમામ ગ્રાન્ટેડ શાળાની ખાલી જગ્યાઓ માટે મેરીટ-કમ-પ્રેફરન્સના ધોરણે પસંદગીની તક મળશે અને દરેક ગ્રાન્ટેડ શાળાને રાજય કક્ષાનું મેરીટ ધરાવતા શિક્ષકો/આચાર્યો ઉપલબ્ધ થશે. કેન્દ્રીયકૃત ભરતી પધ્ધતી અમલમાં આવતાં દરેક શાળામાં ખાલી જગ્યાઓ સામે સમયસર ઊંચા મેરીટ ધરાવતા શિક્ષકો ઉપલબ્ધ થશે આથી શૈક્ષણિક કાર્ય અને વિદ્યાર્થીઓના શિક્ષણમાં ગુણાત્મક સુધારા થશે.

નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉકત ચુકાદાને આવકારતાં મા.મંત્રીશ્રી શિક્ષણ,શ્રી રમણલાલ વોરાએ જણાવેલ છે કે, ગ્રાન્ટેડ શાળામાં આચાર્ય અને શિક્ષકોની ભરતી માટે શિ.વિ.ના તા.૧૧-૨-૧૧ ના જાહેરનામાથી વ્યાપક જનહિતને સ્પર્શતી નવી નીતિ અમલમાં મુકેલ છે જેને નામદાર ગુજરાતની વડી અદાલતે તા.6-9-2011ના ચુકાદાથી કાયદેસર અને યોગ્ય ઠેરવેલ છે.આથી હવે ગ્રાન્ટેડ શાળામાં આચાર્ય અને શિક્ષકોની ભરતી માટે ઉમેદવારોની પસંદગી અંગેની કાર્યવાહી અગ્રતાના ધોરણે હાથ ધરવામાં આવશે.

******

શિક્ષણ વિભાગ